RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

Book-Post

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ
M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૩-૪ ● નવે-ડીસે-૨૦૧૬ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

પ્રેરણા

## “કુંજ કલરવ”ના સ્થાપક અને સંપૂર્ણ વિકલાંગ કચ્છના કુંજલ પ્રદીપ છાયા

(કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે રહેતા જન્મથી વિકલાંગ એવા કુંજલ છાયા ઈ-દુનિયામાં પોતાનું નામ રોશન કરી રહ્યા છે. તેમનું સંપૂર્ણ જીવન વ્હીલચેર આધારિત હોવા છતાં, હિંમતથી, ધૈર્યથી વ્યતિત કરી રહ્યા છે. આવી કપરી શારીરિક પરિસ્થિતિ અને એમાંય મહિલા હોવા છતાં ઈ-દુનિયામાં ઘેરબેઠાં કલ્પનાશક્તિ અને સર્જનાત્મક વલણને આધારે સાહિત્ય ક્ષેત્રે સફળતા હાંસલ કરી છે. આપણે આજે કુંજલબેનનો પરિચય તેમના જ શબ્દોમાં માણીએ....)



છેલ્લા દોઢેક એક દાયકાથી ઈન્ટરનેટની દુનિયામાં રાચું છું. યાહુ...રેડિફનો જમાનો જોયો, જાણ્યો, માણ્યો...ગુગલ..ઓરકુટ અને ફેસબુક.. સાથે જીવી ઉઠી..ટ્વિટર, જી+ તો નફામાં... હવે ઈ-દુનિયામાં એક નવું સોપાન... જે મારું પોતાનું અલાયદું ઘર. “કુંજકલરવ.વર્ડપ્રેસ.કોમ” !

હું કોણ છું ? કેવી છું ? કુંજલ “ધી લિટલ

## તસ્વીર બોલે છે...!

### PMની કેરટેકરની ભૂમિકાથી દિવ્યાંગ સુમેશ ભાવવિભોર



ઈ-દુનિયામાં એક નવું સોપાન... જે મારું પોતાનું અલાયદું ઘર. ‘‘કુંજકલરવ.વર્ડપ્રેસ.કોમ’’ !



હું, કુંજલ પ્રદિપ છાયા.

હું કોણ છું ? કેવી છું ? કુંજલ ‘‘ધી લિટલ એંજલ’’ કેમ છું ? એ ક્યાં કોઈ રહસ્ય છે ! ‘‘I Don't Like to hold books in my Little Hands’’ એવું શાળા જીવન સુધી કહેનારી, ઈત્તરવાંચન ભાગ્યે જ કરી શકતી. એમાં શારીરિક નાદુરસ્ત અને હું લોકોથી કંઈક જુદી છું એવું માનસિક વલણ કારગર હતું. જન્મથી જ શારીરિક ખોડ, મારા પરિવારે ક્યારે ઉછેરમાં છતી થવા દીધી નથી. ઈન્ટરનેટ જગતમાં ઘેર બેઠાં મારી કલ્પનાશક્તિ અને સર્જનાત્મક વલણને વધુ ઓપ મળ્યો છે. પથારીવશ જીવનને બદલે અસામાન્ય પરિસ્થિતિમાં પણ સામાન્ય બાળકની રીતે જ ભણતર પૂર્ણ કર્યું. સ્કુલમાં પણ દરેક ઈતર પ્રવૃત્તિમાં ભાગ લેવો અને એ પણ નંબર તો આવે જ, ચીલાચાલુ રીતે કોલેજ નહીં. જેમાં રસ હતો એવો ફેશન ડિઝાઈનીંગનો અભ્યાસ કર્યો. સંગીત, ચિત્રો દોરવાં, ગાવું, બોલવું, વાંચવું, ટી.વી. જોવું એવી શોખની બાબતો લઈને જ કંઈ આગળ કાર્ય કરીશ અને એ પણ મારી શારીરિક મર્યાદામાં ઘરે જ રહીને એવું નક્કી કર્યું. શેરબજાર, આર્થિક ઉપાજનની સંસ્થાઓ કે બેંકની પરીક્ષા આપવી એવા નંબરોની ગણતરીવાળા કોઈ ઉદાસીન ક્રાયો નથી કરવા એવું વિચારતી, હોબી/આર્ટ ક્લાસીસ કરાવું છું. બાળકોને ભણાવું છું. આવડે એવી કવિતાઓ અને વાર્તાઓ લખું છું. મનનાં વિચાર વિહારને શાબ્દિક ન્યાય આપવા પ્રયત્નશીલ રહું છું, પણ... હજુ કંઈક ખૂટે છે, એવું લાગતું.

સાત વર્ષ પહેલા ઓરકુટ કોમ્યુનિટિ- ગુજરાતી હાસ્ય લેખનના વડીલો, નાનેરા સૌ મિત્રો પરિવાર સમાં બની મને નિઃસંકોચ ઈ-દુનિયામાં મુક્ત અને પુખ્તપણે રાચવા પ્રોત્સાહિત કરી. મનમાં સ્ફૂરતા વિચારોને વર્ણાત્મક, કાવ્યાત્મક કે વાર્તારુપે કેમ લખાય એ શીખી. ક્યાં, કેવું વાંચવું. શું ? કેવી રીતે લખવું અને એને કંઈ રીતે રજુ કરવું એ પણ શીખી. કહેવાય છે કે લાંબાં ભેગો ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય. પણ એ કહેવતને હું થોડી હકારાત્મક રીતે લઉં છું. રીડગુજરાતી, સબરસ, પ્રતિલિપી, ગુજરાતી પ્રાઈડ, માતૃભારતી જેવા બ્લોગ/એપ્સ કે સાઈટ વાંચીને જ તો જાણે બે-ત્રણ વર્ષથી વાંચન ભૂખ પોષું છું. ગુજરાતી સાહિત્યનાં આગેવાન સમાં અનેક સાહિત્ય ગુણીજનોનાં બ્લોગને વાંચુ છું, ફોલો કરું છું. ત્યારે એમ થતું કે મારો બ્લોગ બનાવાની મને ક્યારે પ્રેરણા મળશે ? બનાવીશ તો લોકો વાંચશે ? ઈ-દુનિયા જાણે મારું ગુરુકુળ અને કર્મભૂમિ બની ગયું છે.આજે મારા બ્લોગ દ્વારા મારો અવાજ-વિચારો, મારા શબ્દો કલરવ અને કલબલાટ વિશ્વવ્યાપી પહોંચતા કરી રહી છું. આમાં મને કોઈ જગ્યાએ વિકલાંગતા નડી નથી, શું તમે વિકલાંગ છો ? નિરાશ થવાની જરૂર નથી. યોગ્ય દિશામાં મહેનત કરો અને સફળ થાવ એવી શુભેચ્છા. કુંજલબેનના મો. ૯૮૨૫૩૫૫૬૪૩ ઉપર અભિનંદન પાઠવવા વિનંતી છે.



વડોદરા ખાતે યોજાયેલા દિવ્યાંગ સાધન સહાય વિતરણ સમારંભમાં વડાપ્રધાનના હસ્તે સહાય સ્વીકારનાર પાદરાના કરખડી ગામના સુમેશ પટેલે ભાવવિભોર થતાં જણાવ્યું હતું કે ‘‘ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરટેકર તરીકે મારી વ્હીલચેરનું સુકાન સંભાળ્યું હતું ત્યારે મને એવું લાગ્યું હતું કે, મહાભારતના યુધ્ધમાં અર્જુનના રથના સારથી તરીકેની ભૂમિકા ભગવાન કૃષ્ણએ ભજવી હતી. બસ નરેન્દ્ર મોદી પણ ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિકા મારા માટે ભજવી હતી. મારા સારથી તરીકે જ્યારે નરેન્દ્ર મોદી હોય ત્યારે મને કોઈ સમસ્યા રહેશે નહીં એટલે જ કહું છું કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન હંમેશા રહેવા જોઈએ, તેવા અમારા દિવ્યાંગોના તેમને આશીર્વાદ છે.’’●

## એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારને ગોલ્ડ મેડલ



બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા આયોજીત એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપ ચીનના પાટનગર બેઈઝીંગમાં યોજાઈ હતી. બેડમિન્ટન ટુર્નામેન્ટમાં એશિયાના ૧૧ દેશોના ૧૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં ગાંધીનગરના પારૂલબેન પરમારે ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની એસએલ-૩ કેટેગરીની વુમન સીંગલ સ્પર્ધામાં પ્રતિસ્પર્ધી થાઈલેન્ડની ખેલાડીને પ્રથમ મેચ ૧૦ વિરૂધ્ધ ૨૧ પોઈન્ટથી હરાવી પારૂલબેન પરમાર ચેમ્પિયન બનીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં દેશના દિવ્યાંગ ખેલાડીઓએ બાર મેડલ હાંસલ કર્યા હતા. જેમાં ચાર ગોલ્ડ મેડલ હાંસલ કરનાર ગુજરાત, ઉત્તરાખંડ અને બે મહારાષ્ટ્રના ખેલાડીઓ હતા તથા બે સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા હતા. બેન્ડમિન્ટનની ટુર્નામેન્ટમાં ટીમ કોચ તરીકે ગૌરવ ખન્ના અને આનંદ હતા. પારૂલબેન પરમારને અર્જુન એવોર્ડ પણ મળેલ છે. શ્રી પારૂલબેન પરમારને ‘‘વિકલાંગ મિત્ર’’ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.●

## દિવ્યાંગો, વિજય આપ કે સાથ હૈ

- નારાયણભાઈ શાહ, વડોદરા- મો. ૯૯૨૪૪ ૨૮૦૮૪

કુષ્ઠરોગ હર હાલતમાં મટી શકે છે. એ પૂર્વનાં અજ્ઞાનતાના વર્ષોમાં રક્તપિત્ત થયો છે એના ખ્યાલમાત્રથી લોકો ધ્રુજી ઊઠતા હતા. હવે કુષ્ઠ હોય, અપંગ હોય કે પ્રજ્ઞાચક્ષુ હોય, ડરને કી કોઈ બાત નહી. આજે તો આવા અક્ષમ, અસમર્થ, પાંગળાં લોકોને વિશિષ્ટાંગો કે દિવ્યાંગો જેવા વિશિષ્ટ નામથી લોકો ઓળખે છે. મને એ વાત પણ કહેવા દો એ લોકો તનથી મંદ હશે પણ મનથી તો મજબૂત બનીને પોતાના એ અભાવક, જેમાં કશાનો અભાવ છે તેઓ એની સામે પહાડ બનીને ઊભા રહી, પોતાની જિંદગીને સુપેરે ઘડી રહ્યા છે.

આફતોની સામે પહાડ બનીને ઊભો રહ્યો હતો, આપણો આદિલ અંસારી. દશ વર્ષની વયે નદી તરીને પાર કરતો હતો, પણ તોફાની નદીઓ પાર કરવાની એની ઝંખના હતી. એની ઝંખના તૃપ્ત થાય તે પહેલાં એના પરિચિત પાણીમાં ડાઈ મારતાં અંદરનો પથ્થર માથામાં વાગ્યો. એનું કરોડરજ્જુ પણ ઘવાયું. એક-બે મહિના તો એ બેભાન રહ્યો. શારીરિક રીતે ૯૦ % નબળો થઈ ચૂક્યો હતો.

હવે એને સાજા અને સારા થવા શરીર સામે મોરચો માંડ્યો. માંડમાંડ એ શરીરને ઊંચકવા લાગ્યો. પેરાલિસીસને કારણે એને બેક સ્ટ્રોક તરવાનું ચાલુ કર્યું અને ચાલુ રાખ્યું. કહ્યું છે ને - ‘‘લહરોં સે ડરકર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી.’’ એ શક્તિસંચય માટે મથામણ કરતો રહ્યો. એક દિવસ એવો આવ્યો કે ઈન્દોરમાં યોજાયેલી રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં બે સુવર્ણચંદ્રકો મેળવ્યા, પરંતુ એના અપંગત્વની મર્યાદાને કારણે એને તિરંદાજીની પ્રેક્ટિસ શરૂ કરી. કરોડરજ્જુની ઈજા બહુ એણે પજવી રહી હતી. એની પ્રસ્વેદગ્રંથિઓ નષ્ટ થઈ ચૂકી હતી. એ તિરંદાજીની સ્પર્ધામાં વ્હીલચેરમાં બેઠેલા આદિલની આગળ પાછળ આયોજકો છત્રી લઈને દોડતા (૪૪ ડીગ્રી ગરમી). સર્વ પ્રથમ તીર છોડવા માટે આદિલને બે મહિના પ્રેક્ટિસ કરવી પડી હતી. આકરી મહેનતના પ્રતાપે હરિયાણામાં રોહતકમાં યોજાયેલી ડિફરન્ટલી એબલ માટેની સ્પર્ધાઓમાં વ્હીલચેર પર બેઠેલા આદિલે સુવર્ણચંદ્રક જીતી લીધો ને એ દિવ્યાંગતા ધરાવતા માણસે પોતાનું અપૂર્વ કૌવતને બતાવી આપ્યું, ‘‘કૌન કહતા હૈ કિ આસમાન મેં છેદ નહીં હોતા, એક પથ્થર તો ઉછાલો તબિયત સે યારો !!’’ અંગ્રેજીમાં પણ કહેવત છે, ‘‘મેન કેન ડુ એવરી થીંગ.’’ માણસ ધારે તે અચૂક કરી શકે છે. પંખોં સે કુછ નહીં હોતા, ઉડાન તો હોંસલોં સે હોતી હૈ. 100% એ યથાર્થ છે.

હવે ભવિષ્યમાં યોજાનારી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લેવાનો

## અશક્ત વ્યક્તિ અધિકાર બિલ-૨૦૧૬ની જોગવાઈઓ

રાજ્યસભામાં અને લોકસભામાં વોઈસ વોટ દ્વારા ડિસેબિલિટી બિલને પસાર કરવામાં આવ્યું હતું. ૨૦૧૪ના સુધારા બિલને સમર્થન મળ્યું હતું. હવે આ બિલે કાયદાનું સ્વરૂપ લઈ લીધું છે. આ નવા કાયદા પ્રમાણે વિકલાંગોને ઘણી સુવિધાઓ અને લાભ આપવામાં આવ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે દેશમાં ૨.૬૮ કરોડ વિકલાંગ છે. આ સંખ્યા પણ ચર્ચાનો વિષય છે. દિવ્યાંગોને સુવિધા આપવાની સાથે સાથે તેમને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા સરકારે અશકત વ્યક્તિ અધિકાર બિલ-૨૦૧૬માં કેટલીક જોગવાઈઓ કરી છે. જે નીચે મુજબ છે.

- ૭ પ્રકારની વિકલાંગતા હતી. ત્યારબાદ તેમાં વધારો કરીને ૧૯ કરવામાં આવી હતી. નવા બિલમાં એસિડ એટેક અને પાર્કિન્સનથી પીડીત લોકોની બે કેટેગરી ઉમેરવામાં આવી હતી. આ રીતે બિલમાં ૨૧ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ કરાયો છે.
- જો ૪૦ % જેટલી વિકલાંગતા હોય તો તેવી દિવ્યાંગ વ્યક્તિને તમામ લાભ મળશે.
- દિવ્યાંગો સાથે ભેદભાવ રાખવા બદલ વર્તમાન બિલમાં જેલની સજા દૂર કરીને છ મહિનાથી માંડીને બે વર્ષ સુધીની સજાની જોગવાઈ કરાઈ છે.
- બીજી તરફ આવા કિસ્સામાં દસ હજારથી માંડીને પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે.
- સરકારી નોકરીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતનો દર જે ૩ ટકા હતો તે વધારીને ૪ ટકા કરાયો છે.
- સાર્વજનિક સ્થળો, હોસ્પિટલ, ટ્રાન્સપોર્ટ અને મતદાન કેન્દ્રોમાં દિવ્યાંગો માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- કેરળમાં દિવ્યાંગ યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે.
- દિવ્યાંગોને અપાયેલું આઈ ડી પ્રૂફ સમગ્ર દેશમાં માન્ય રહેશે.
- આગામી સમયમાં નવા દિવ્યાંગ ઓળખપત્રો જારી કરવામાં આવશે.
- કેન્દ્ર સરકાર પાસે અધિકાર છે કે તેઓ નવા પ્રકારની વિકલાંગતાનો તેમાં સમાવેશ કરી શકશે.

## દુનિયામાં ક્યાં કેટલા વિકલાંગો...?

- અમેરિકામાં (૨૦૧૦) કુલ વસ્તી (૩૨.૫૪ કરોડ)ના ૧૯ %
- ઓસ્ટ્રલિયાની (૨૦૦૯) કુલ વસ્તી (૨.૧૮ કરોડ)ના ૧૮.૫ %
- નેપાળમાં કુલ વસ્તી(૨.૯૩ કરોડ) ના ૧૮%
- કેનેડામાં કુલ વસ્તીના (૩.૪૦ કરોડ) ના ૧૩.૭%

તે અચૂક કરી શકે છે. પંખોં સે કુછ નહીં હોતા, ઉડાન તો હોંસલોં સે હોતી હૈ. ૧૦૦% એ યથાર્થ છે.

હવે ભવિષ્યમાં યોજાનારી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લેવાનો આદિલનો માર્ગ મોકળો થઈ ગયો. દેખેંગે ૨૦૨૦ મેં ક્યા હોતા હૈ. અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો. તરણ સ્પર્ધામાં જાકારો મળ્યો પણ તિરંદાજીમાં આવકારો મળ્યોને..? સફળતા માટે કોઈ પ્રયત્ન કરવાનો બાકી ના રાખવો.

દિવ્યાંગોએ કદી રોદણાં ન રડવાં, ઈશ્વરે જે નથી આપ્યું એની પીડા કરવાને બદલે જે આપ્યું છે એનાથી તો કીડી પણ પહાડ પર ચઢી જઈ શકે. એને ઈશ્વરદત્ત બક્ષિસ સમજી, શક્તિના આશ્રયે આગે બઢો, વિજય આપકે સાથ હૈ. ●

- ઓસ્ટ્રેલિયાની (૨૦૦૯) કુલ વસ્તી (૨.૧૮ કરોડ)ના ૧૮.૫ %
- નેપાળમાં કુલ વસ્તી(૨.૯૩ કરોડ) ના ૧૮%
- કેનેડામાં કુલ વસ્તીના (૩.૪૦ કરોડ) ના ૧૩.૭%
- શ્રીલંકામાં કુલ વસ્તી (૨.૦૨ કરોડ) ના ૭ %
- બાંગ્લાદેશ (૨૦૦૭) કુલ વસ્તી (૧૬.૨૨ કરોડ) ના ૫.૭ %
- ભૂતાન (૨૦૦૪) કુલ વસ્તી (૭.૫૩ લાખ)ના ૩.૫ %

***શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી.***

***- તંત્રીશ્રી***

With Best Compliments

Transpek Industry Limited

Transpek

Creative Chemistry

Reg. Office:
6th Floor, Marble Arch
Race Course Circle
Vadodara - 390 007.
Gujarat (India)

Works:
At. & Post: Ekalbara
Taluka: Padra
Dist.: Vadodara - 391 440
Gujarat (India)

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...



પટેલ અમૃતભાઈ રામાભાઈ

# અનુપમ નર્સરી

અમારે ત્યાં ટામેટી, મરચાં, ફુલાવર, કોબી, રીંગણ, વરિયાળી તથા તમાકુનો ધરૂ ગેરંટીથી વેચાણ મળશે.

**ઓર્ડર તથા એડવાન્સ બુકીંગ માટે મળો**

સ્થળ :- માઢી- હસ્નાપુર રોડ, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા
મો.નં. : ૯૭૨૩૮ ૭૧૮૧૦, ૯૪૨૮૪૦૬૬૫૦

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...



**પટેલ નારણભાઈ જીવણદાસ (માઢીવાળા)**

(રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી)

**ફર્મ : હરસિદ્ધ ટ્રેડર્સ, સ્વસ્તિક ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે, હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા
મો.નં. : ૯૪૨૬૮ ૩૭૨૬૦, ૯૭૨૭૭ ૭૩૫૧૯




Car Driving School For Handicapped

Ability on Wheels

Mobility services & solutions for physically challenged

**Call : 7046033888**

ભારતની સૌથી પહેલી ડ્રાઈવીંગ સ્કુલ
વીકલાંગો માટે
ઓટોમેટીક તથા ગીયર કાર સાથે.

No. B -334, Third Floor, SOBO Center, South Bopal, Ahmedabad - 380058
E Mail : harish@abilityonwheels.org, Web Site : www.abilityonwheels.org

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ

E Mail : harish@abilityonwheels.org, Web Site : www.abilityonwheels.org









## સમાચાર - સાર

● રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ વિશ્વ વિકલાંગ દિન ૩ ડિસેમ્બર-૨૦૧૬ના રોજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે આયોજિત સમારોહમાં પુરસ્કાર વિજેતાઓને ''રાષ્ટ્રીય દિવ્યાંગજન સશક્તિકરણ પુરસ્કાર-૨૦૧૬'' એનાયત કર્યા. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી થાવરચંદ ગેહલોત, સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રીશ્રી કૃષ્ણપાલ ગુર્જર અને શ્રી રામદાસ આઠવલે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે વિવિધ ૧૪ શ્રેણીઓમાં કુલ ૭૮ વ્યક્તિ અને સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી ત્રણ દિવ્યાંગજનોને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. (૧) પ્રજ્ઞાચક્ષુ કથાકાર શ્રી કૃણાલભાઈ જોશી (૨) ૐઋષિ પ્રિતેશભાઈ (૩)સેવાતીર્થ, વડોદરાના રક્તપિત્તમૂક્ત નરવતભાઈ મગનભાઈ પટેલનો સમાવેશ થાય છે. સર્વે પુરસ્કાર વિજેતાઓને ''વિકલાંગ મિત્ર'' પરિવાર અભિનંદન પાઠવે છે.

● રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર રાજસ્થાનના દેવેન્દ્ર ઝાઝરિયાને ''બેસ્ટ પ્લેયર ઑફ ઈન્ડિયા'' એવોર્ડ આપવામાં આવ્યો છે. મુંબઈ ખાતે ઈકોનોમિક્સ ટાઈમ્સ આયોજીત કાર્યક્રમમાં ભારતના શતરંજ ખેલાડી વિશ્વનાથન આનંદના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. રિયો પેરાલિમ્પિક-૧૬માં ગોલ્ડ મેડલ મેળવનાર મરિયપ્પન થાંગાવેલુનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ઉદ્યોગપતિશ્રી કુમાર મંગલમ બિરલાએ દેવેન્દ્રને અભિનંદન પાઠવ્યા હતા. કપિલ શર્મા શોમાં પણ દેવેન્દ્ર ઝાઝરિયાએ ભાગ લીધો હતો.

● માનસિક દિવ્યાંગ બાળકોનો રાજ્યકક્ષાનો સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ હિંમતનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મહેસાણા જિલ્લાના ૧૨૮ દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં મહેસાણા જિલ્લાએ ૩૧ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૧૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૫૩ મેડલ મેળવી રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો હતો. મહેસાણા જિલ્લાએ વર્ષ ૨૦૧૪-૧૫માં પણ રાજ્યમાં સૌથી વધુ મેડલ મેળવી પ્રથમ ક્રમે રહી આ વખતે હેટ્રીક મારી સતત ત્રણ વર્ષથી જિલ્લો પ્રથમ ક્રમે રહ્યો હતો. આ રમતોનું સમગ્ર આયોજન ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં વિવિધ રમતો રાખવામાં આવી હતી.

● સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી અનોખી

## અસ્થિ વિકલાંગો માટેનો રાજ્યકક્ષાનો ખેલ મહાકુંભ-૨૦૧૬ વલસાડ

રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર તથા સ્પોટર્સ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગરના સહયોગથી રમતગમત મંડળ ધી સોસા.ફોર ફીઝી.હેન્ડી., અમદાવાદ, એન.એ.બી., વલસાડ દ્વારા યોજિત તથા જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, વલસાડના માર્ગદર્શન હેઠળ સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ની અસ્થિ વિકલાંગની રાજ્યકક્ષાની એથ્લેટીક્સની સ્પર્ધાઓ વિકલાંગતાની કેટેગરી મુજબ સીટીંગ-સી તથા સીટીંગ-ડીનું આયોજન તા. ૨૬-૧૧-૨૦૧૬ના રોજ રેલ્વે જીમખાના મેદાન, વલસાડ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં તમામ જિલ્લાઓમાંથી ૯૦૮ દિવ્યાંગ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાઓમાં ભાઈ તથા બહેનોની અલગ કુલ ત્રણ વયજુથમાં સીટીંગ-સી અને ડી ગૃપની વિવિધ રમતો જેવી કે ટ્રાયસિલક રેસ ૧૦૦ મીટર, વ્હીલચેર હર્ડલ, ચક્રફેંક, ભાલા ફેંક તથા ગોળા ફેંક રમાડવામાં આવી હતી. વિજેતા રમતવીરોને મેડલ, પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનોશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સ્ટેન્ડીંગ-એ અને બી જુથની રમત સ્પર્ધા તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ યોજાઈ તેમાં ૧૨૭૪ દિવ્યાંગ ખેલાડીઓએ ચક્રફેંક, ભાલા ફેંક, ગોળા ફેંક, ૧૦૦ મીટર દોડ, લાંબીકૂદ અને ઉંચીકૂદ જેવી રમતોમાં ભાગ લીધો હતો. આ બંને જૂથોમાં કુલ ૩૯૬ દિવ્યાંગ ખેલાડીઓ વિજેતા જાહેર થયા હતા. આ તમામ રમત સ્પર્ધા દરમ્યાન વલસાડ જિલ્લા રમતગમત કચેરી દ્વારા નિર્ણાયક, પંચ અને રેફરીની ફરજ બજાવી હતી. એન.એ.બી., વલસાડ દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થા કરેલ હતી. જિલ્લા રમતગમત અધિકારી શ્રી મહેશભાઈ પટેલ, એન.એ.બી. વલસાડના સેક્રેટરી શ્રી રામભાઈ કે. પટેલ તથા ધ એસ.પી.એસ.એ.ના મંત્રીશ્રી કાંતિભાઈ પરમાર અને સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્પે.ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ-ગોધરા

''રમશે ગુજરાત જીતશે ગુજરાત'' અંતર્ગત રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર તથા સ્પોટર્સ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગર, જિલ્લા વહીવટી તંત્ર, પંચમહાલ, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગોધરાના માર્ગદર્શન હેઠળ સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ ગોધરા ખાતે તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ સમારંભ અધ્યક્ષ મા.શ્રી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી વિજયભાઈ ગોયલ, કેન્દ્રીય મંત્રીશ્રી, યુવા બાબતો અને ખેલ મંત્રાલય, શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રીશ્રી , રમતગમત,

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં વિવિધ રમતો રાખવામાં આવી હતી.

● સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી. જેમાં ૭૦ દંપતીઓએ ''એકબીજાને પ્રેમ કરતા રહેવાની, નહિ ઝઘડવાની'' સામૂહિક પ્રતિજ્ઞા લીધી.રમત-ગમત અને સામૂહિક પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સુરેશભાઈ સોની અવનવા પ્રયોગો કરતા રહે છે, તેમને અભિનંદન.

● દક્ષિણ આફ્રિકાના લેનેઝીયા (લેન્સ) ખાતે શરદભાઈ નરસાઈ (મૂળ ભારતીય) પરિવાર સાથે રહે છે ને વર્ષ ૨૦૧૧માં તેમના જમણા પગ પર ગરમ પાણી પડવાથી ગંભીર રીતે દાઝી જવાથી ગેંગરીન થઈ ગયું હતું એટલે જમણો પગ કાપવો પડ્યો હતો. તેમને ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા, સુરત દ્વારા વિનામૂલ્યે ઓપરેશન અને સારવાર કરાવી કૃત્રિમ પગ લગાવી આપવામાં આવ્યો હતો. શ્રી કનુભાઈ ટેલર તથા તેમની ટીમને અભિનંદન.

● સેવાતીર્થ, વડોદરાના ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતી સુરેખા બામણીયાને રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ એસો., અમદાવાદ દ્વારા શ્રીમતી નંદીની પી. દિવેટીયા રૂરલ રીહેબીલીટેશન એવોર્ડ-૨૦૧૬ ''પૂ.ભાઈ'' શ્રી રમેશભાઈ ઓઝાના કર-કમલો દ્વારા પ્રશસ્તિપત્ર તથા રૂા. ૧૫,૦૦૦/-ના ચેકથી વિશ્વ વિકલાંગ દિને અમદાવાદ ખાતે આયોજીત સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા છે.

● દિવ્યાંગોને સરકાર તરફથી પ્રતિમાસ મળતી સહાય હવે તેમના બેંક ખાતામાં સીધી જ જમા કરાવવાનો નિર્ણય થયો છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા લાભાર્થીના બેંક ખાતાની સંપૂર્ણ વિગતો મેળવી તેમને દર મહિને ચેકની રાહ જોયા વિના તેમના બેંક ખાતામાં સીધી રકમ જમા મળે તેવી વ્યવસ્થા ગોઠવી છે. બીપીએલ દિવ્યાંગોને માસિક છસો રૂપિયા પેન્શન અપાય છે. આવા ગુજરાતના ૭૧૬૧ જેટલા દિવ્યાગોને આ યોજનાનો લાભ મળે છે.

● ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગ, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ(એલિમ્કો) રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા જિલ્લા પ્રશાસન વડોદરા-છોટાઉદેપુરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મહા દિવ્યાંગ સાધન સહાય કેમ્પમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વડોદરા-છોટાઉદેપુર જિલ્લાના ૧૦૫૭૮ દિવ્યાંગજનોને રૂ. ૯.૨૬ કરોડના પૂરક સાધનો-ઉપકરણોનું વિતરણ કર્યું હતું. વડોદરામાં યોજાયેલ આ સાધન સહાય કાર્યક્રમ દેશનો સૌથી મોટો કાર્યક્રમ બન્યો હતો, એ ગૌરવની બાબત છે.

ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ ગોધરા ખાતે તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ સમારંભ અધ્યક્ષ મા.શ્રી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી વિજયભાઈ ગોયલ, કેન્દ્રીય મંત્રીશ્રી, યુવા બાબતો અને ખેલ મંત્રાલય, શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રીશ્રી , રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, શ્રી ધનરાજ પિલ્લાઈ, પૂર્વ હોકી ટીમ કપ્તાન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારત અને ગુજરાતને ગૌરવ અપાવનાર ખેલાડીઓ અને જનસમુદાયની ઉપસ્થિતિમાં દિવ્યાંગો દ્વારા વ્હીલચેર સ્પર્ધાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જે નીરખીને લોકો પ્રભાવિત થયા હતા. ખેલ મહાકુંભ-૨૦૧૬ના સમાપનમાં અસ્થિ વિકલાંગો દ્વારા વ્હીલચેર સ્પર્ધા તથા અંધ ખેલાડીઓ દ્વારા ક્રિકેટ સ્પર્ધા અને માનસિક ક્ષતિ ધરાવતા વિકલાંગો દ્વારા બોચી રમત સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

## રાજ્યકક્ષાની ક્રિકેટ અને વોલીબોલ સ્પર્ધા- પોરબંદર

સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત રાજ્યકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ તથા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન તા. ૩-૧૨-૨૦૧૬ તથા તા. ૪-૧૨-૨૦૧૬ના રોજ પોરબંદર ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવેલ ૮ ક્રિકેટ ટીમો એ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને કચ્છ જિલ્લો, રનર્સઅપ એટલે કે બીજા સ્થાને સુરત જિલ્લો અને તૃતીય સ્થાને અમદાવાદ જિલ્લાને વિજેતા જાહેર થયા હતા. વોલીબોલ ટુર્નામેન્ટમાં ૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ગાંધીનગર જિલ્લો, દ્વિતીય સ્થાને અરવલ્લી જિલ્લો અને તૃતીય સ્થાને પોરબંદર જિલ્લાને વિજેતા જાહેર થયા હતા. આ કાર્યક્રમમાં શ્રી બાબુભાઈ બોખીરીયા, મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, કલેક્ટરશ્રી પોરબંદર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પોરબંદર, જિલ્લા રમતગમત અધિકારીશ્રી પોરબંદર, શ્રી કમલેશભાઈ ખોખરી, શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ પોરબંદર, શ્રી કાન્તિભાઈ પરમાર ધી સો.ફો.ફી.હેન્ડીકેપ્ડ, અમદાવાદ તથા આમંત્રિત મહેમાન ઉપસ્થિત રહી દિવ્યાંગોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

અહેવાલ : ભરત શેલાર, અમદાવાદ, મો.નં. ૯૮૨૫૯૨૫૯૩૫

## દિવ્યાંગ પતંગ મહોત્સવનું આયોજન

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તા. ૮-૧-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ સુધી ''દિવ્યાંગ પતંગ મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી અને નામ નોંધાવવા માટે મો.નં. ૯૯૭૪૯૫૫૧૨૫, ૯૯૭૪૯૫૫૩૬૫ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL

RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

Book-Post

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો
Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ
M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૩-૪ ● નવે-ડીસે-૨૦૧૬ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

પ્રેરણા

## "કુંજ કલરવ"ના સ્થાપક અને સંપૂર્ણ વિકલાંગ કચ્છના કુંજલ પ્રદીપ છાયા

(કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે રહેતા જન્મથી વિકલાંગ એવા કુંજલ છાયા ઈ-દુનિયામાં પોતાનું નામ રોશન કરી રહ્યા છે. તેમનું સંપૂર્ણ જીવન વ્હીલચેર આધારિત હોવા છતાં, હિંમતથી, ધૈર્યથી વ્યતિત કરી રહ્યા છે. આવી કપરી શારીરિક પરિસ્થિતિ અને એમાંય મહિલા હોવા છતાં ઈ-દુનિયામાં ઘેરબેઠાં કલ્પનાશક્તિ અને સર્જનાત્મક વલણને આધારે સાહિત્ય ક્ષેત્રે સફળતા હાંસલ કરી છે. આપણે આજે કુંજલબેનનો પરિચય તેમના જ શબ્દોમાં માણીએ....)



છેલ્લા દોઢેક એક દાયકાથી ઈન્ટરનેટની દુનિયામાં રાચું છું. યાહુ...રેડિફનો જમાનો જોયો, જાણ્યો, માણ્યો...ગુગલ..ઓરકુટ અને ફેસબુક.. સાથે જીવી ઉઠી..ટ્વિટર, જી+ તો નફામાં... હવે ઈ-દુનિયામાં એક નવું સોપાન... જે મારું પોતાનું અલાયદું ઘર. "કુંજકલરવ.વર્ડપ્રેસ.કોમ" !


હું કોણ છું ? કેવી છું ? કુંજલ "ધી લિટલ

તસ્વીર બોલે છે...!

PMની કેરટેકરની ભૂમિકાથી દિવ્યાંગ સુમેશ ભાવવિભોર



ઈ-દુનિયામાં એક નવું સોપાન... જે મારું પોતાનું અલાયદું ઘર. "કુંજકલરવ.વર્ડપ્રેસ.કોમ" !



હું, કુંજલ પ્રદિપ છાયા.

હું કોણ છું ? કેવી છું ? કુંજલ "ધી લિટલ એંજલ" કેમ છું ? એ ક્યાં કોઈ રહસ્ય છે ! "I Don't Like to hold books in my Little Hands" એવું શાળા જીવન સુધી કહેનારી, ઈત્તરવાંચન ભાગ્યે જ કરી શકતી. એમાં શારીરિક નાદુરસ્ત અને હું લોકોથી કંઈક જુદી છું એવું માનસિક વલણ કારગર હતું. જન્મથી જ શારીરિક ખોડ, મારા પરિવારે ક્યારે ઉછેરમાં છતી થવા દીધી નથી. ઈન્ટરનેટ જગતમાં ઘેર બેઠાં મારી કલ્પનાશક્તિ અને સર્જનાત્મક વલણને વધુ ઓપ મળ્યો છે. પથારીવશ જીવનને બદલે અસામાન્ય પરિસ્થિતિમાં પણ સામાન્ય બાળકની રીતે જ ભણતર પૂર્ણ કર્યું. સ્કુલમાં પણ દરેક ઈતર પ્રવૃત્તિમાં ભાગ લેવો અને એ પણ નંબર તો આવે જ, ચીલાચાલુ રીતે કોલેજ નહીં. જેમાં રસ હતો એવો ફેશન ડિઝાઈનીંગનો અભ્યાસ કર્યો. સંગીત, ચિત્રો દોરવાં, ગાવું, બોલવું, વાંચવું, ટી.વી. જોવું એવી શોખની બાબતો લઈને જ કંઈ આગળ કાર્ય કરીશ અને એ પણ મારી શારીરિક મર્યાદામાં ઘરે જ રહીને એવું નક્કી કર્યું. શેરબજાર, આર્થિક ઉપાજનની સંસ્થાઓ કે બેંકની પરીક્ષા આપવી એવા નંબરોની ગણતરીવાળા કોઈ ઉદાસીન ક્રાયો નથી કરવા એવું વિચારતી, હોબી/આર્ટ ક્લાસીસ કરાવું છું. બાળકોને ભણાવું છું. આવડે એવી કવિતાઓ અને વાર્તાઓ લખું છું. મનનાં વિચાર વિહારને શાબ્દિક ન્યાય આપવા પ્રયત્નશીલ રહું છું, પણ... હજુ કંઈક ખૂટે છે, એવું લાગતું.

સાત વર્ષ પહેલા ઓરકુટ કોમ્યનિટિ- ગુજરાતી હાસ્ય લેખનના વડીલો, નાનેરા સૌ મિત્રો પરિવાર સમાં બની મને નિઃસંકોચ ઈ-દુનિયામાં મુક્ત અને પુખ્તપણે રાચવા પ્રોત્સાહિત કરી. મનમાં સ્ફૂરતા વિચારોને વર્ણાત્મક, કાવ્યાત્મક કે વાર્તારુપે કેમ લખાય એ શીખી. ક્યાં, કેવું વાંચવું. શું ? કેવી રીતે લખવું અને એને કંઈ રીતે રજુ કરવું એ પણ શીખી. કહેવાય છે કે લાંબાં ભેગો ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય. પણ એ કહેવતને હું થોડી હકારાત્મક રીતે લઉં છું. રીડગુજરાતી, સબરસ, પ્રતિલિપી, ગુજરાતી પ્રાઈડ, માતૃભારતી જેવા બ્લોગ/એપ્સ કે સાઈઠ વાંચીને જ તો જાણે બે-ત્રણ વર્ષથી વાંચન ભૂખ પોષું છું. ગુજરાતી સાહિત્યનાં આગેવાન સમાં અનેક સાહિત્ય ગુણીજનોનાં બ્લોગને વાંચુ છું, ફોલો કરું છું. ત્યારે એમ થતું કે મારો બ્લોગ બનાવાની મને ક્યારે પ્રેરણા મળશે ? બનાવીશ તો લોકો વાંચશે ? ઈ-દુનિયા જાણે મારું ગુરુકુળ અને કર્મભૂમિ બની ગયું છે.આજે મારા બ્લોગ દ્વારા મારો અવાજ-વિચારો, મારા શબ્દો કલરવ અને કલબલાટ વિશ્વવ્યાપી પહોંચતા કરી રહી છું. આમાં મને કોઈ જગ્યાએ વિકલાંગતા નડી નથી, શું તમે વિકલાંગ છો ? નિરાશ થવાની જરૂર નથી. યોગ્ય દિશામાં મહેનત કરો અને સફળ થાવ એવી શુભેચ્છા. કુંજલબેનના મો. ૯૮૨૫૩૫૫૬૪૩ ઉપર અભિનંદન પાઠવવા વિનંતી છે.



વડોદરા ખાતે યોજાયેલા દિવ્યાંગ સાધન સહાય વિતરણ સમારંભમાં વડાપ્રધાનના હસ્તે સહાય સ્વીકારનાર પાદરાના કરખડી ગામના સુમેશ પટેલે ભાવવિભોર થતાં જણાવ્યું હતું કે " દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરટેકર તરીકે મારી વ્હીલચેરનું સુકાન સંભાળ્યું હતું ત્યારે મને એવું લાગ્યું હતું કે, મહાભારતના યુધ્ધમાં અર્જુનના રથના સારથી તરીકેની ભૂમિકા ભગવાન કૃષ્ણએ ભજવી હતી. બસ નરેન્દ્ર મોદી પણ ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિકા મારા માટે ભજવી હતી. મારા સારથી તરીકે જ્યારે નરેન્દ્ર મોદી હોય ત્યારે મને કોઈ સમસ્યા રહેશે નહીં એટલે જ કહું છું કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન હંમેશા રહેવા જોઈએ, તેવા અમારા દિવ્યાંગોના તેમને આશીર્વાદ છે."●

## એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારને ગોલ્ડ મેડલ



બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા આયોજીત એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપ ચીનના પાટનગર બેઈઝીંગમાં યોજાઈ હતી. બેડમિન્ટન ટુર્નામેન્ટમાં એશિયાના ૧૧ દેશોના ૧૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં ગાંધીનગરના પારૂલબેન પરમારે ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની એસએલ-૩ કેટેગરીની વુમન સીંગલ સ્પર્ધામાં પ્રતિસ્પર્ધી થાઈલેન્ડની ખેલાડીને પ્રથમ મેચ ૧૦ વિરૂધ્ધ ૨૧ પોઈન્ટથી હરાવી પારૂલબેન પરમાર ચેમ્પિયન બનીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં દેશના દિવ્યાંગ ખેલાડીઓએ બાર મેડલ હાંસલ કર્યા હતા. જેમાં ચાર ગોલ્ડ મેડલ હાંસલ કરનાર ગુજરાત, ઉત્તરાખંડ અને બે મહારાષ્ટ્રના ખેલાડીઓ હતા તથા બે સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા હતા. બેન્ડમિન્ટનની ટુર્નામેન્ટમાં ટીમ કોચ તરીકે ગૌરવ ખન્ના અને આનંદ હતા. પારૂલબેન પરમારને અર્જુન એવોર્ડ પણ મળેલ છે. શ્રી પારૂલબેન પરમારને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.●

## દિવ્યાંગો, વિજય આપ કે સાથ હૈ

- નારાયણભાઈ શાહ, વડોદરા- મો. ૯૯૨૪૪ ૨૮૦૮૪

કુષ્ઠરોગ હર હાલતમાં મટી શકે છે. એ પૂર્વનાં અજ્ઞાનતાના વર્ષોમાં રક્તપિત્ત થયો છે એના ખ્યાલમાત્રથી લોકો ધ્રુજી ઊઠતા હતા. હવે કુષ્ઠ હોય, અપંગ હોય કે પ્રજ્ઞાચક્ષુ હોય, ડરને કી કોઈ બાત નહી. આજે તો આવા અક્ષમ, અસમર્થ, પાંગળાં લોકોને વિશિષ્ટાંગો કે દિવ્યાંગો જેવા વિશિષ્ટ નામથી લોકો ઓળખે છે. મને એ વાત પણ કહેવા દો એ લોકો તનથી મંદ હશે પણ મનથી તો મજબૂત બનીને પોતાના એ અભાવક, જેમાં કશાનો અભાવ છે તેઓ એની સામે પહાડ બનીને ઊભા રહી, પોતાની જિંદગીને સુપેરે ઘડી રહ્યા છે.

આફતોની સામે પહાડ બનીને ઊભો રહ્યો હતો, આપણો આદિલ અંસારી. દશ વર્ષની વયે નદી તરીને પાર કરતો હતો, પણ તોફાની નદીઓ પાર કરવાની એની ઝંખના હતી. એની ઝંખના તૃપ્ત થાય તે પહેલાં એના પરિચિત પાણીમાં ડાઈ મારતાં અંદરનો પથ્થર માથામાં વાગ્યો. એનું કરોડરજ્જુ પણ ઘવાયું. એક-બે મહિના તો એ બેભાન રહ્યો. શારીરિક રીતે ૯૦ % નબળો થઈ ચૂક્યો હતો.

હવે એને સાજા અને સારા થવા શરીર સામે મોરચો માંડ્યો. માંડમાંડ એ શરીરને ઊંચકવા લાગ્યો. પેરાલિસીસને કારણે એને બેક સ્ટ્રોક તરવાનું ચાલુ કર્યું અને ચાલુ રાખ્યું. કહ્યું છે ને - ‘‘લહરોં સે ડરકર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી.’’ એ શક્તિસંચય માટે મથામણ કરતો રહ્યો. એક દિવસ એવો આવ્યો કે ઈન્દોરમાં યોજાયેલી રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં બે સુવર્ણચંદ્રકો મેળવ્યા, પરંતુ એના અપંગત્વની મર્યાદાને કારણે એને તિરંદાજીની પ્રેક્ટિસ શરૂ કરી. કરોડરજ્જુની ઈજા બહુ એણે પજવી રહી હતી. એની પ્રસ્વેદગ્રંથિઓ નષ્ટ થઈ ચૂકી હતી. એ તિરંદાજીની સ્પર્ધામાં વ્હીલચેરમાં બેઠેલા આદિલની આગળ પાછળ આયોજકો છત્રી લઈને દોડતા (૪૪ ડીગ્રી ગરમી). સર્વ પ્રથમ તીર છોડવા માટે આદિલને બે મહિના પ્રેક્ટિસ કરવી પડી હતી. આકરી મહેનતના પ્રતાપે હરિયાણામાં રોહતકમાં યોજાયેલી ડિફરન્ટલી એબલ માટેની સ્પર્ધાઓમાં વ્હીલચેર પર બેઠેલા આદિલે સુવર્ણચંદ્રક જીતી લીધો ને એ દિવ્યાંગતા ધરાવતા માણસે પોતાનું અપૂર્વ કૌવતને બતાવી આપ્યું, ‘‘કૌન કહતા હૈ કિ આસમાન મેં છેદ નહીં હોતા, એક પથ્થર તો ઉછાલો તબિયત સે યારો !!’’ અંગ્રેજીમાં પણ કહેવત છે, ‘‘મેન કેન ડુ એવરી થીંગ.’’ માણસ ધારે તે અચૂક કરી શકે છે. પંખોં સે કુછ નહીં હોતા, ઉડાન તો હોંસલોં સે હોતી હૈ. ૧00% એ યથાર્થ છે.

હવે ભવિષ્યમાં યોજાનારી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લેવાનો

## અશક્ત વ્યક્તિ અધિકાર બિલ-૨૦૧૬ની જોગવાઈઓ

રાજ્યસભામાં અને લોકસભામાં વોઈસ વોટ દ્વારા ડિસેબિલિટી બિલને પસાર કરવામાં આવ્યું હતું. ૨૦૧૪ના સુધારા બિલને સમર્થન મળ્યું હતું. હવે આ બિલે કાયદાનું સ્વરૂપ લઈ લીધું છે. આ નવા કાયદા પ્રમાણે વિકલાંગોને ઘણી સુવિધાઓ અને લાભ આપવામાં આવ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે દેશમાં ૨.૬૮ કરોડ વિકલાંગ છે. આ સંખ્યા પણ ચર્ચાનો વિષય છે. દિવ્યાંગોને સુવિધા આપવાની સાથે સાથે તેમને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા સરકારે અશકત વ્યક્તિ અધિકાર બિલ-૨૦૧૬માં કેટલીક જોગવાઈઓ કરી છે. જે નીચે મુજબ છે.

- ૭ પ્રકારની વિકલાંગતા હતી. ત્યારબાદ તેમાં વધારો કરીને ૧૯ કરવામાં આવી હતી. નવા બિલમાં એસિડ એટેક અને પાર્કિન્સનથી પીડીત લોકોની બે કેટેગરી ઉમેરવામાં આવી હતી. આ રીતે બિલમાં ૨૧ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ કરાયો છે.
- જો ૪૦ % જેટલી વિકલાંગતા હોય તો તેવી દિવ્યાંગ વ્યક્તિને તમામ લાભ મળશે.
- દિવ્યાંગો સાથે ભેદભાવ રાખવા બદલ વર્તમાન બિલમાં જેલની સજા દૂર કરીને છ મહિનાથી માંડીને બે વર્ષ સુધીની સજાની જોગવાઈ કરાઈ છે.
- બીજી તરફ આવા કિસ્સામાં દસ હજારથી માંડીને પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે.
- સરકારી નોકરીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતનો દર જે ૩ ટકા હતો તે વધારીને ૪ ટકા કરાયો છે.
- સાર્વજનિક સ્થળો, હોસ્પિટલ, ટ્રાન્સપોર્ટ અને મતદાન કેન્દ્રોમાં દિવ્યાંગો માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- કેરળમાં દિવ્યાંગ યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે.
- દિવ્યાંગોને અપાયેલું આઈ ડી પ્રૂફ સમગ્ર દેશમાં માન્ય રહેશે.
- આગામી સમયમાં નવા દિવ્યાંગ ઓળખપત્રો જારી કરવામાં આવશે.
- કેન્દ્ર સરકાર પાસે અધિકાર છે કે તેઓ નવા પ્રકારની વિકલાંગતાનો તેમાં સમાવેશ કરી શકશે.

## દુનિયામાં ક્યાં કેટલા વિકલાંગો...?

- અમેરિકામાં (૨૦૧૦) કુલ વસ્તી (૩૨.૫૪ કરોડ)ના ૧૯ %
- ઓસ્ટ્રલિયાની (૨૦૦૯) કુલ વસ્તી (૨.૧૮ કરોડ)ના ૧૮.૫ %
- નેપાળમાં કુલ વસ્તી(૨.૯૩ કરોડ) ના ૧૮%
- કેનેડામાં કુલ વસ્તીના (૩.૪૦ કરોડ) ના ૧૩.૭%

તે અચૂક કરી શકે છે. પંખોં સે કુછ નહીં હોતા, ઉડાન તો હોંસલોં સે હોતી હૈ. ૧૦૦% એ યથાર્થ છે.

હવે ભવિષ્યમાં યોજાનારી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લેવાનો આદિલનો માર્ગ મોકળો થઈ ગયો. દેખેંગે ૨૦૨૦ મેં ક્યા હોતા હૈ. અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો. તરણ સ્પર્ધામાં જાકારો મળ્યો પણ તિરંદાજીમાં આવકારો મળ્યોને..? સફળતા માટે કોઈ પ્રયત્ન કરવાનો બાકી ના રાખવો.

દિવ્યાંગોએ કદી રોદણાં ન રડવાં, ઈશ્વરે જે નથી આપ્યું એની પીડા કરવાને બદલે જે આપ્યું છે એનાથી તો કીડી પણ પહાડ પર ચઢી જઈ શકે. એને ઈશ્વરદત્ત બક્ષિસ સમજી, શક્તિના આશ્રયે આગે બઢો, વિજય આપકે સાથ હૈ. ●

- ઓસ્ટ્રલિયાની (૨૦૦૯) કુલ વસ્તી (૨.૧૮ કરોડ)ના ૧૮.૫ %
- નેપાળમાં કુલ વસ્તી(૨.૯૩ કરોડ) ના ૧૮%
- કેનેડામાં કુલ વસ્તીના (૩.૪૦ કરોડ) ના ૧૩.૭%
- શ્રીલંકામાં કુલ વસ્તી (૨.૦૨ કરોડ) ના ૭ %
- બાંગ્લાદેશ (૨૦૦૭) કુલ વસ્તી (૧૬.૨૨ કરોડ) ના ૫.૭ %
- ભૂતાન (૨૦૦૪) કુલ વસ્તી (૭.૫૩ લાખ)ના ૩.૫ %

***શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી.***

***- તંત્રીશ્રી***

With Best Compliments

Transpek Industry Limited

Transpek
Creative Chemistry

Reg. Office:
6th Floor, Marble Arch
Race Course Circle
Vadodara - 390 007.
Gujarat (India)

Works:
At. & Post: Ekalbara
Taluka: Padra
Dist.: Vadodara - 391 440
Gujarat (India)

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...



પટેલ અમૃતભાઈ રામાભાઈ

**અનુપમ નર્સરી**

અમારે ત્યાં ટામેટી, મરચાં, ફુલાવર, કોબી, રીંગણ, વરિયાળી તથા તમાકુનો ધરૂ ગેરંટીથી વેચાણ મળશે.

**ઓર્ડર તથા એડવાન્સ બુકીંગ માટે મળો**

સ્થળ :- માઢી- હસ્નાપુર રોડ, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા
મો.નં. : ૯૭૨૩૮ ૭૧૮૧૦, ૯૪૨૮૪૦૬૬૫૦

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...



**પટેલ નારણભાઈ જીવણદાસ (માઢીવાળા)**

(રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી)

**ફર્મ : હરસિદ્ધ ટ્રેડર્સ, સ્વસ્તિક ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે,
હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા
મો.નં. : ૯૪૨૬૮ ૩૭૨૬૦, ૯૭૨૭૭ ૭૩૫૧૯

AN ISO 9001:2008 CERTIFIED SEED COMPANY

**રાષ્ટ્રિય ઉત્પાદન વધારવામાં અગ્રણી**
**વેસ્ટર્ન સીડ્સનાં "નવરત્ન"**



રીસર્ચ જીરૂ
વેસ્ટર્ન સી-૭૫, વેસ્ટર્ન સી-૬૦,
વેસ્ટર્ન જીવન પ્રાઇમ
ક્યુમેક્ષ વેસ્ટર્ન સી-૬૦, વેસ્ટર્ન સુવાસ

રીસર્ચ રાયડો
વેસ્ટર્ન વીર
વેસ્ટર્ન શારદા

રીસર્ચ ઘઉં
વેસ્ટર્ન ડબલ વન ડીલક્ષ,
વેસ્ટર્ન ડબલ વન, વેસ્ટર્ન સોના,
વેસ્ટર્ન મીર, વેસ્ટર્ન રાજ

રીસર્ચ ગવાર
અનંતહર્ષ-૯
વેસ્ટર્ન આવન્તિકા

રીસર્ચ મગફળી

WESTERN

A W
Ability on Wheels

Car Driving School For Handicapped

Mobility services & solutions for physically challenged

Call : 7046033888

ભારતની સૌથી પહેલી ડ્રાઈવીંગ સ્કુલ
વીકલાંગો માટે
ઓટોમેટીક તથા ગીયર કાર સાથે.

No. B -334, Third Floor, SOBO Center, South Bopal, Ahmedabad - 380058
E Mail : harish@abilityonwheels.org, Web Site : www.abilityonwheels.org


વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ




E Mail : harish@abilityonwheels.org, Web Site : www.abilityonwheels.org

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...

fssai Lic. No.10015021001738

A QUALITY PRODUCTS VALAJI MASALA

भारत सरकार AGMARK GOVERNMENT OF INDIA



મરચું | હળદર | ધાણાજીરૂ | ગરમ મસાલો | ચા મસાલો

**All items are available Pack in Rs. 5/-, Rs. 10/-, Rs.15/-, 100gm, 200gm, 500gm, 1kg and 5kg.**

Mfg by : **Pride Exim Pvt. Ltd.**
153/154 G.I.D.C., Ranasan, Ta: Vijapur, Dist Mehsana, Gujarat
Email:prideeximpvtltd@gmail.com, valajimasala@gmail.com
Web: www.prideexim.com, Mo: 9904432412



## સમાચાર - સાર

● રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ વિશ્વ વિકલાંગ દિન ૩ ડિસેમ્બર-૨૦૧૬ના રોજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે આયોજિત સમારોહમાં પુરસ્કાર વિજેતાઓને ''રાષ્ટ્રીય દિવ્યાંગજન સશક્તિકરણ પુરસ્કાર-૨૦૧૬'' એનાયત કર્યા. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી થાવરચંદ ગેહલોત, સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રીશ્રી કૃષ્ણપાલ ગુર્જર અને શ્રી રામદાસ આઠવલે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે વિવિધ ૧૪ શ્રેણીઓમાં કુલ ૭૮ વ્યક્તિ અને સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી ત્રણ દિવ્યાંગજનોને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. (૧) પ્રજ્ઞાચક્ષુ કથાકાર શ્રી કૃણાલભાઈ જોશી (૨) ૐઋષિ પ્રિતેશભાઈ (૩)સેવાતીર્થ, વડોદરાના રક્તપિત્તમૂક્ત નરવતભાઈ મગનભાઈ પટેલનો સમાવેશ થાય છે. સર્વે પુરસ્કાર વિજેતાઓને ''વિકલાંગ મિત્ર'' પરિવાર અભિનંદન પાઠવે છે.

● રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર રાજસ્થાનના દેવેન્દ્ર ઝાઝરિયાને ''બેસ્ટ પ્લેયર ઑફ ઈન્ડિયા'' એવોર્ડ આપવામાં આવ્યો છે. મુંબઈ ખાતે ઈકોનોમિક્સ ટાઈમ્સ આયોજીત કાર્યક્રમમાં ભારતના શતરંજ ખેલાડી વિશ્વનાથન આનંદના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. રિયો પેરાલિમ્પિક-૧૬માં ગોલ્ડ મેડલ મેળવનાર મરિયપ્પન થાંગાવેલુનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ઉદ્યોગપતિશ્રી કુમાર મંગલમ બિરલાએ દેવેન્દ્રને અભિનંદન પાઠવ્યા હતા. કપિલ શર્મા શોમાં પણ દેવેન્દ્ર ઝાઝરિયાએ ભાગ લીધો હતો.

● માનસિક દિવ્યાંગ બાળકોનો રાજ્યકક્ષાનો સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ હિંમતનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મહેસાણા જિલ્લાના ૧૨૮ દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં મહેસાણા જિલ્લાએ ૩૧ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૧૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૫૩ મેડલ મેળવી રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો હતો. મહેસાણા જિલ્લાએ વર્ષ ૨૦૧૪-૧૫માં પણ રાજ્યમાં સૌથી વધુ મેડલ મેળવી પ્રથમ ક્રમે રહી આ વખતે હેટ્રીક મારી સતત ત્રણ વર્ષથી જિલ્લો પ્રથમ ક્રમે રહ્યો હતો. આ રમતોનું સમગ્ર આયોજન ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં વિવિધ રમતો રાખવામાં આવી હતી.

● સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી અનોખી

## અસ્થિ વિકલાંગો માટેનો રાજ્યકક્ષાનો ખેલ મહાકુંભ-૨૦૧૬ વલસાડ

રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર તથા સ્પોટર્સ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગરના સહયોગથી રમતગમત મંડળ ધી સોસા.ફોર ફીઝી.હેન્ડી., અમદાવાદ, એન.એ.બી., વલસાડ દ્વારા યોજિત તથા જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, વલસાડના માર્ગદર્શન હેઠળ સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ની અસ્થિ વિકલાંગની રાજ્યકક્ષાની એથ્લેટીક્સની સ્પર્ધાઓ વિકલાંગતાની કેટેગરી મુજબ સીટીંગ-સી તથા સીટીંગ-ડીનું આયોજન તા. ૨૬-૧૧-૨૦૧૬ના રોજ રેલ્વે જીમખાના મેદાન, વલસાડ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં તમામ જિલ્લાઓમાંથી ૯૦૮ દિવ્યાંગ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાઓમાં ભાઈ તથા બહેનોની અલગ કુલ ત્રણ વયજુથમાં સીટીંગ-સી અને ડી ગૃપની વિવિધ રમતો જેવી કે ટ્રાયસિલક રેસ ૧૦૦ મીટર, વ્હીલચેર હર્ડલ, ચક્રફેંક, ભાલા ફેંક તથા ગોળા ફેંક રમાડવામાં આવી હતી. વિજેતા રમતવીરોને મેડલ, પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનોશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સ્ટેન્ડીંગ-એ અને બી જુથની રમત સ્પર્ધા તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ યોજાઈ તેમાં ૧૨૭૪ દિવ્યાંગ ખેલાડીઓએ ચક્રફેંક, ભાલા ફેંક, ગોળા ફેંક, ૧૦૦ મીટર દોડ, લાંબીકૂદ અને ઉંચીકૂદ જેવી રમતોમાં ભાગ લીધો હતો. આ બંને જૂથોમાં કુલ ૩૯૬ દિવ્યાંગ ખેલાડીઓ વિજેતા જાહેર થયા હતા. આ તમામ રમત સ્પર્ધા દરમ્યાન વલસાડ જિલ્લા રમતગમત કચેરી દ્વારા નિર્ણાયક, પંચ અને રેફરીની ફરજ બજાવી હતી. એન.એ.બી., વલસાડ દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થા કરેલ હતી. જિલ્લા રમતગમત અધિકારી શ્રી મહેશભાઈ પટેલ, એન.એ.બી. વલસાડના સેક્રેટરી શ્રી રામભાઈ કે. પટેલ તથા ધ એસ.પી.એસ.એ.ના મંત્રીશ્રી કાંતિભાઈ પરમાર અને સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્પે.ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ-ગોધરા

''રમશે ગુજરાત જીતશે ગુજરાત'' અંતર્ગત રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર તથા સ્પોટર્સ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગર, જિલ્લા વહીવટી તંત્ર, પંચમહાલ, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગોધરાના માર્ગદર્શન હેઠળ સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ ગોધરા ખાતે તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ સમારંભ અધ્યક્ષ મા.શ્રી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી વિજયભાઈ ગોયલ, કેન્દ્રીય મંત્રીશ્રી, યુવા બાબતો અને ખેલ મંત્રાલય, શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રીશ્રી , રમતગમત,

● મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી ખૂબજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં વિવિધ રમતો રાખવામાં આવી હતી.

● સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી. જેમાં ૭૦ દંપતીઓએ ''એકબીજાને પ્રેમ કરતા રહેવાની, નહિ ઝઘડવાની'' સામૂહિક પ્રતિજ્ઞા લીધી.રમત-ગમત અને સામૂહિક પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સુરેશભાઈ સોની અવનવા પ્રયોગો કરતા રહે છે, તેમને અભિનંદન.

● દક્ષિણ આફ્રિકાના લેનેઝીયા (લેન્સ) ખાતે શરદભાઈ નરસાઈ (મૂળ ભારતીય) પરિવાર સાથે રહે છે ને વર્ષ ૨૦૧૧માં તેમના જમણા પગ પર ગરમ પાણી પડવાથી ગંભીર રીતે દાઝી જવાથી ગેંગરીન થઈ ગયું હતું એટલે જમણો પગ કાપવો પડ્યો હતો. તેમને ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા, સુરત દ્વારા વિનામૂલ્યે ઓપરેશન અને સારવાર કરાવી કૃત્રિમ પગ લગાવી આપવામાં આવ્યો હતો. શ્રી કનુભાઈ ટેલર તથા તેમની ટીમને અભિનંદન.

● સેવાતીર્થ, વડોદરાના ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતી સુરેખા બામણીયાને રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ એસો., અમદાવાદ દ્વારા શ્રીમતી નંદીની પી. દિવેટીયા રૂરલ રીહેબીલીટેશન એવોર્ડ-૨૦૧૬ ''પૂ.ભાઈ'' શ્રી રમેશભાઈ ઓઝાના કર-કમલો દ્વારા પ્રશસ્તિપત્ર તથા રૂા. ૧૫,૦૦૦/-ના ચેકથી વિશ્વ વિકલાંગ દિને અમદાવાદ ખાતે આયોજીત સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા છે.

● દિવ્યાંગોને સરકાર તરફથી પ્રતિમાસ મળતી સહાય હવે તેમના બેંક ખાતામાં સીધી જ જમા કરાવવાનો નિર્ણય થયો છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા લાભાર્થીના બેંક ખાતાની સંપૂર્ણ વિગતો મેળવી તેમને દર મહિને ચેકની રાહ જોયા વિના તેમના બેંક ખાતામાં સીધી રકમ જમા મળે તેવી વ્યવસ્થા ગોઠવી છે. બીપીએલ દિવ્યાંગોને માસિક છસો રૂપિયા પેન્શન અપાય છે. આવા ગુજરાતના ૭૧૬૧ જેટલા દિવ્યાંગોને આ યોજનાનો લાભ મળે છે.

● ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગ, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ(એલિમ્કો) રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા જિલ્લા પ્રશાસન વડોદરા-છોટાઉદેપુરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મહા દિવ્યાંગ સાધન સહાય કેમ્પમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વડોદરા-છોટાઉદેપુર જિલ્લાના ૧૦૫૭૮ દિવ્યાંગજનોને રૂ. ૯.૨૬ કરોડના પૂરક સાધનો-ઉપકરણોનું વિતરણ કર્યું હતું. વડોદરામાં યોજાયેલ આ સાધન સહાય કાર્યક્રમ દેશનો સૌથી મોટો કાર્યક્રમ બન્યો હતો, એ ગૌરવની બાબત છે.

ખેલ મહાકુંભ-૨૦૧૬ સમાપન સમારોહ ગોધરા ખાતે તા. ૮-૧૨-૨૦૧૬ના રોજ સમારંભ અધ્યક્ષ મા.શ્રી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી વિજયભાઈ ગોયલ, કેન્દ્રીય મંત્રીશ્રી, યુવા બાબતો અને ખેલ મંત્રાલય, શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રીશ્રી , રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, શ્રી ધનરાજ પિલ્લાઈ, પૂર્વ હોકી ટીમ કપ્તાન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારત અને ગુજરાતને ગૌરવ અપાવનાર ખેલાડીઓ અને જનસમુદાયની ઉપસ્થિતિમાં દિવ્યાંગો દ્વારા વ્હીલચેર સ્પર્ધાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જે નીરખીને લોકો પ્રભાવિત થયા હતા. ખેલ મહાકુંભ-૨૦૧૬ના સમાપનમાં અસ્થિ વિકલાંગો દ્વારા વ્હીલચેર સ્પર્ધા તથા અંધ ખેલાડીઓ દ્વારા ક્રિકેટ સ્પર્ધા અને માનસિક ક્ષતિ ધરાવતા વિકલાંગો દ્વારા બોચી રમત સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

## રાજ્યકક્ષાની ક્રિકેટ અને વોલીબોલ સ્પર્ધા- પોરબંદર

સ્પે. ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત રાજ્યકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ તથા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન તા. ૩-૧૨-૨૦૧૬ તથા તા. ૪-૧૨-૨૦૧૬ના રોજ પોરબંદર ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવેલ ૮ ક્રિકેટ ટીમો એ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને કચ્છ જિલ્લો, રનર્સઅપ એટલે કે બીજા સ્થાને સુરત જિલ્લો અને તૃતીય સ્થાને અમદાવાદ જિલ્લાને વિજેતા જાહેર થયા હતા. વોલીબોલ ટુર્નામેન્ટમાં ૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ગાંધીનગર જિલ્લો, દ્વિતીય સ્થાને અરવલ્લી જિલ્લો અને તૃતીય સ્થાને પોરબંદર જિલ્લાને વિજેતા જાહેર થયા હતા. આ કાર્યક્રમમાં શ્રી બાબુભાઈ બોખીરીયા, મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, કલેક્ટરશ્રી પોરબંદર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પોરબંદર, જિલ્લા રમતગમત અધિકારીશ્રી પોરબંદર, શ્રી કમલેશભાઈ ખોખરી, શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ પોરબંદર, શ્રી કાન્તિભાઈ પરમાર ધી સો.ફો.ફી.હેન્ડીકેપ્ડ, અમદાવાદ તથા આમંત્રિત મહેમાન ઉપસ્થિત રહી દિવ્યાંગોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

અહેવાલ : ભરત શેલાર, અમદાવાદ, મો.નં. ૯૮૨૫૯૨૫૯૩૫

## દિવ્યાંગ પતંગ મહોત્સવનું આયોજન

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તા. ૮-૧-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ સુધી ''દિવ્યાંગ પતંગ મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી અને નામ નોંધાવવા માટે મો.નં. ૯૯૭૪૯૫૫૧૨૫, ૯૯૭૪૯૫૫૩૬૫ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL